### ગાંધીનગરની સેવાસંસ્થા આત્મન ફાઉન્ડેશન દ્વારા

# આદર્શ નિવાસી કન્યા શાળામાં નિબંધ અને વક્તૃત્વ સ્પર્ધા







ગાંધીનગર, તા. ૧૬

શહેરની સેવાભાવી સંસ્થા આત્મન ફાઉન્ડેશન દ્વારા વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસને પોષક વિવિધ પ્રવૃત્તિઓ યોજવામાં આવે છે. આ ક્રમમાં તાજેતરમાં સેક્ટર- ૮ ની આદર્શ નિવાસી કન્યા શાળામાં ધોરણ - ૯ ની બાળાઓ માટે નિબંધ અને ધોરણ - ૧૧ ની વિદ્યાર્થીનીઓ માટે વક્તૃત્વ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. નિબંધના વિષય હતા - મહાત્મા ગાંધી આજે જીવતા હોત તો અને મારા સ્વપ્નનું મારું ગામ. વક્તૃત્વ માટેના વિષય હતા - વિજ્ઞાન અને ટેકનોલોજી - વરદાન કે શાપ? અને મારા સ્વપ્નનું ભારત. નિબંધ સ્પર્ધામાં ૫૬, જ્યારે વક્તૃત્વ સ્પર્ધામાં ૩૭ વિદ્યાર્થિનીઓએ ભાગ લઈ પોતાના વિચારો રજૂ કર્યા હતાં. નિબંધ સ્પર્ધામાં પૃથ્વી મકવાણા, મિતલ પરમાર અને કાંતા મકવાણા જ્યારે વક્તૃત્વમાં વિભૂતિ રાઠોડ, દિવ્યાંગી પરમાર અને સુમન ઝાલા વિજયી બન્યાં હતાં. આ ઉપરાંત બન્ને વિભાગમાં બીજાં ૬ પ્રોત્સાહક ઈનામ આપવામાં આવ્યાં હતાં. ભાગ લેનાર તમામ દીકરીઓને આયોજક સંસ્થા તરફથી પ્રોત્સાહક ભેટ આપવામાં આવી હતી.

આ પ્રસંગે એચ. બી. વરિયા, દિવ્યાબેન વરિયા, શાળા આચાર્યા જ્યોતિબેન રાવલ, જયશ્રીબેન ખેતિયા, પ્રજ્ઞા પટેલ, શિક્ષકગણ સુરેશભાઈ પટેલ, રંજનાબેન ગુપ્તા, એમ.કે. ગોસાઈ વગેરે ઉપસ્થિત રહ્યાં હતાં. એચ. બી. વરિયા અને પ્રજ્ઞા પટેલે વિદ્યાર્થીનીઓને પ્રેરક માર્ગદર્શન આપ્યું હતું. જ્યોતિબેન રાવલે આભારવિધિ કરી હતી.

## બિન અનામત આયોગ અને નિગમની સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારી કરતા વિદ્યાર્થીઓ માટે આર્થિક અને શૈક્ષણિક સહાયની વિવિધ યોજનાઓ અંગે આજે માર્ગદર્શન સેમિનાર

ગાંધીનગર, તા. ૧૬

બિન અનામત આયોગ અને નિગમની સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારી કરતા વિદ્યાર્થીઓ માટે આર્થિક અને શૈક્ષણિક સહાયની વિવિધ યોજનાઓ અંગે એક માર્ગદર્શન સેમિનાર શ્રી કચ્છ કાઠિયાવાડ રાજપૂત સેવા સમાજ, ગાંધીનગરના ઉપક્રમે રવિવાર, તા. ૧૭મી માર્ચના રોજ યોજવામાં આવ્યો છે.

બાશ્રી દશરથબા મહેન્દ્રસિંહજી પરમાર આઈએએસ કેરિયર એકેડેમી, લેકાવાડા ખાતે સવારે ૧૦થી ૧૨ દરમિયાન આ સેમિનાર યોજવામાં આવ્યો છે. બિન અનામત આયોગની યોજનાઓનો લાભ કેવી રીતે મેળવી શકાય તે અંગે જાણકાર અધિકારી દ્વારા વિગતવાર માહિતી આ સેમિનાર અંતર્ગત પૂરી પાડવામાં આવશે. રસ ધરાવતા તમામ રાજપૂત વિદ્યાર્થીઓ-વાલીઓને આ સેમિનારનો લાભ લેવા શ્રી કચ્છ કાઠિયાવાડ રાજપૂત સેવા સમાજ, ગાંધીનગરના પ્રમુખ રમજુભા જાડેજા અને કેરિયાર એકેડેમીના નિયામક અશોકસિંહ પરમાર દ્વારા આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

## જન્મદિને વધામણી



હંસાબેન દિનેશકુમાર રાઠોડ



હેમાંગ હરેશકુમાર જોષી
મો. ૮૦૦૦૯ ૧૧૬૧૬



પલક પરસોત્તમભાઈ પરમાર
મો. ૯૯૦૯૮ ૬૯૯૭૩



ત્રિશા સતીષકુમાર ઠક્કર
મો. ૮૫૧૧૧ ૯૪૬૦૬

# સ્ટેટ બેન્ક તાલીમ જ્ઞાનસર્જન - વિકાસ સંસ્થા દ્વારા મહિલા ઉદ્યમ સાહસિકો માટે સેમિનાર યોજાયો




ગાંધીનગર, તા. ૧૬

સ્ટેટ બેન્ક જ્ઞાનર્જન અને વિકાસ સંસ્થા, (SBI ટ્રેનિંગ સેંટર), ગાંધીનગર દ્વારા બેન્કનાં મહિલા ઉદ્યમ સાહસિક ગ્રાહકો માટે એક વિકાસલક્ષી સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ સેમિનારનો ઉદેશ્ય મહિલા સાહસિકોને સરકાર તેમજ બેન્કની વિવિધ યોજનાઓ વિષે માહિતગાર કરી તમને મળતાં લાભો ,ઉદ્યોગલક્ષી તેમજ વ્યક્તિત્વ વિકાસલક્ષી માર્ગદર્શન પૂરું પાડવાનો હતો.

આ સેમિનારમાં ગાંધીનગર અને અમદાવાદ જિલ્લામાંથી ૨૦ મહિલા સાહસિકોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. સેમિનાર દરમ્યાન વ્યક્તિત્વ વિકાસલક્ષી કેટલાક આયામો, બેન્કની વિવિધ યોજનાઓ તથા સરકાર તરફથી મળતી પ્રોત્સાહક યોજનાઓ વિશે ઊંડાણથી માર્ગદર્શન મેળવવામાં આવ્યું હતું. કાર્યક્રમના અંતમાં એસ.બી.આઈ. ટ્રેનિંગ સેન્ટર બેન્ક દ્વારા આયોજન કરેલા આ પ્રકારના સેમિનારને મહિલા સાહસિકો દ્વારા આવકારવામાં આવ્યો હતો અને ભવિષ્યમાં પણ આ પ્રકારના સેમિનાર થાય એવી ઈચ્છા વ્યક્ત કરી હતી.

સેમીનારમાં ઉપસ્થિત સહભાગીઓનું સ્વાગત ડાયરેકટર અને આસિસ્ટન્ટ જનરલ મેનેજર વિનોદ અમલાણી દ્વારા કરવામાં આવ્યું હતું. કાર્યક્રમનું સંચાલન વિનય કુમાર દ્વારા કરવામાં આવ્યું હતું. સેમિનારમાં વત્સલ બક્ષી (સી.એ), મેહુલ ઠક્કર (સી.એ), પ્રકાશ સોલંકી (ઈ.ડી.આઈ.) તથા એસબીઆઈએલડી, ગાંધીનગરના ફેકલ્ટી વિનોદ અમલાણી, હીતેશ દવે, મનોજકુમાર, રીમા તિવારી, વિનયકુમાર, સંજય વર્માએ વિવિધ વિષયો પર માહિતી આપી હતી. આ સેમીનારને સફળ બનાવમાં સ્કંદ કુમાર, સતિષ ઠક્કર, અમીત મહેરિયા અને મહેશ રામીએ ઘણી જહેમત ઉઠાવી હતી.

# સમર્પણ સાયન્સ એન્ડ કૉમર્સ કૉલેજમાં વાર્ષિકોત્સવની ઉજવણી કરવામાં આવી



ગાંધીનગર, તા. ૧૬

ગાંધીનગર એજ્યુકેશન એન્ડ રિસર્ચ કેમ્પસની સંલગ્ન સંસ્થા સમર્પણ સાયન્સ એન્ડ કોમર્સ કોલેજના બીએસસી તથા બીકોમમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓનો ઈનામ વિતરણ તથા વાર્ષિક સમારોહ તાજેતરમાં કૉલેજ પરિસર ખાતે યોજવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં ટ્રસ્ટના ચેરમેન શંકરસિંહ વાઘેલા, ટ્રસ્ટી મહેન્દ્રસિંહ વાઘેલા, પ્રિન્સિપાલ ડૉ. રીતુ સક્સેના, કેમ્પસ રજિસ્ટ્રાર ડૉ. એમ ડી પાંડે, સંસ્થાના સ્ટાફ તથા સંલગ્ન સંસ્થાઓના પ્રિન્સિપાલ અને ડિરેક્ટર્સ ઉપસ્થિત રહ્યા હતા.

કાર્યક્રમ અંતર્ગત વિદ્યાર્થીઓને શૈક્ષણિક, સાંસ્કૃતિક તથા રમતગમત જેવી પ્રવૃત્તિઓ માટે ઈનામો આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. સંસ્થાના મેનેજિંગ ટ્રસ્ટી શંકરસિંહ વાઘેલાએ ઈનામ મેળવનાર તમામ વિદ્યાર્થીઓને અભિનંદન આપી જીવનમાં સફળતા મેળવવા માટેનાં સોનેરી સૂત્રો આપ્યાં હતાં.

## ધમકી ?

મુંબઈથી મારા વડીલ ભાઈની વિધવાને અને બીજા કુટુંબીઓને મળવા સારુ રાજકોટ તથા પોરબંદર જવાનું હતું તેથી ત્યાં ગયો. દક્ષિણાઅફ્રિકામાંસત્યાગ્રહની લડતને અંગે મેં મારો પહેરવેશ ગિરમીટિયા મજૂરને લગતો જેટલો કરી શકાય તેટલો કરી નાખ્યો હતો. વિલાયતમાં પણ ઘરમાં એ જ પોશાક પહેરતો. દેશમાં આવીને મારે કાઠિયાવાડનો પહેરવેશ રાખવો હતો. તે દક્ષિણ આફ્રિકામાં મારી સાથે રાખ્યો હતો. તેથી મુંબઈ હું એ પહેરવેશ થી ઊતરી શક્યો હતો, એટલે કે પહેરણ, અંગરખું, ધોતિયું ને ધોળો ફેંટો.આ બધાં દેશી મિલના જકપડાં બનેલા હતાં. મુંબઈથી કાઠિયાવાડ ત્રીજા વર્ગમાં જ જવાનું હતું. તેમાં ફેંટો ને અંગરખું મને જંજાળરૂપ લાગ્યાં. તેથી માત્ર પહેરણ , ધોતિયું ને આઠ દશ આનાની કાશ્મીરી ટોપી રાખ્યાં. આવો પોશાક પહેરનાર તરીબમાં જ ખપે. આ વેળા વીરમગામ કે વઢવાણમાં મરકીને લીધે ત્રીજા વર્ગમાં ઉતારુઓની તપાસ થતી હતી. મને થોડો તાવ હતો. તપાસ કરનાર અમલદારે, હાથ જોતાં તેને તે ગરમ લાગ્યો તેથી, મને રાજકોટમાં દાક્તરને મળવાનો હુકમ કર્યો ને નામ નોંધ્યું.

મુંબઈથી કોઈએ તાર મોકલ્યો હશે, તેથી વઢવાણ સ્ટેશને ત્યાંના પ્રજાસેવક તરીકે પંકાયેલા દરજી મોતીલાલ મળવા આવ્યા હતા, તેમણે મારી પાસે વીરમગામની જકાત તપાસણી અને તેને અંગે થતી વિટંબણાઓની વાત કરી. હું તાવથી પીડાતો હતો તેથી વાતો કરવાની ઈછાતો થોડી જ હતી. મેં તેમને ટૂંકમાં જ જવાબ દીધોઃ




'તમે જેલ જવા તૈયાર છો?'

વગર વિચાર્યે ઉત્સાહમાં જવાબ દેનારા ઘણા જુવાનો જેવા જ મેં મોતીલાલને માન્યા હતા. પણ તેમણે બહુ દ્રઢતા પૂર્વક જવાબ દીધોઃ

'અમે જરૂર જેલમાં જશું પણ તમારે મને દોરવા જોઈશે. કાઠિયાવાડી તરીકે તમાઅરી ઉપર અમારો પહેલો હક છે. (ક્રમશઃ)



'સત્યના પ્રયોગો'માંથી સાભાર

# સંસ્કાર ગૃપ દ્વારા આજે કલા અભિવ્યક્તિ ઉપક્રમ

ગાંધીનગર, તા. ૧૬

બાળકોની પ્રવૃત્તિઓમાં રત સંસ્કાર ગૃપ દ્વારા રવિવારે સર્જનાત્મક કલા અભિવ્યક્તિનું આયોજન કરવામાં આવ્યું છે.

આ અંગેની વિગતો આપતાં સંસ્થાના પ્રમુખ તુષાર દવેએ જણાવ્યું છે કે બાળકો પોતાની પ્રતિભા અનુસાર નાટક, એકપાત્રિય અભિનય, ડાન્સ, વાર્તાની પ્રસ્તુતિ કરી શકે તેવું આયોજન કરવામાં આવ્યું છે. સાંજે ૬.૧૫થી ૭.૩૦ દરમિયાન આ પ્રવૃત્તિનું આયોજન સેક્ટર-૭ના ઉદ્યાન ખાતે કરવામાં આવ્યું છે. આ ઉપરાંત તા. ૨૦મીના રોજ વિશ્વ ચકલી દિવસની ઉજવણીનું આયોજન પણ કરવામાં આવ્યું છે.

તા. ૨૧ ને ગુરુવારના રોજ હોળી-ધૂળેટી પર્વનો મહિમા ઉજાગર કરી તેની ઉજવણી કરવામાં આવશે. ગૃપનાં સભ્ય બાળકો કેસૂડો, ચંદન, ગુલાબનાં કુદરતી રંગોનો ઉપયોગ કરી ધૂળેટી રમશે અને તેમને સંસ્થા તરફથી ધાણી, ખજૂર, ચણા આપવામાં આવશે. સંસ્થાનાં સભ્યો ઉપરાંત રસ ધરાવતાં નગરનાં અન્ય બાળકોને પણ આ પ્રવૃત્તિમાં જોડાવા તેમણે ઈજન પાઠવ્યું છે.

ગાંધીનગર, તા. ૧૬

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, ગાંધીનગર સંચાલિત શેઠ સી એમ હાઈસ્કૂલના વિદ્યાર્થી યોગેશકુમાર કર્ણાવત લગોરી સ્પર્ધામાં રાષ્ટ્રકક્ષાએ સિલ્વર મેડલ પ્રાપ્ત કરી શાળાના ગૌરવમાં વધારો કર્યો છે.

જિલ્લા કક્ષાની સ્પર્ધામાં શાળાની ટીમ દ્વારા પ્રથમ વિજેતા ક્રમ, રાજ્યકક્ષાએ દ્વિતીય વિજેતા ક્રમ મેળવવામાં આવ્યો હતો. ત્યારબાદ રાષ્ટ્રકક્ષાની સ્પર્ધા માટે યોગેશની પસંદગી કરવામાં આવી હતી. યોગેશે રાષ્ટ્રકક્ષાની સ્પર્ધામાં ભાગ લઈ સિલ્વર મેડલ પ્રાપ્ત કર્યો હતો. તેની આ સિદ્ધિ બદલશાળાના શિક્ષક લાભુભાઈ દેસાઈ, સંજયભાઈ પટેલ, સુપરવાઈઝર દશરથભાઈ પટેલ, આચાર્ય ડૉ. ચેતનાબેન બુચ દ્વારા સમગ્ર શાળા પરિવાર વતી અભિનંદન પાઠવવામાં આવ્યા હતા.








સરગાસણ સ્થિત રેડિયન્ટ સ્કૂલ ઓફ સાયન્સ ખાતે ધોરણ-૪થી ૯ના વિદ્યાર્થીઓ અને શિક્ષકો દ્વારા ફૂડ ફેસ્ટનું આયોજન કરવામાં આવ્યું હતું.

વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ પ્રત્યે હંમેશાં પ્રયત્નશીલ શાળા મેનેજમેન્ટે વિદ્યાર્થીઓમાં વ્યવહારુ જ્ઞાન, ખરીદ-વેચાણ સમજ, આંકડાકીય હિસાબ, આયોજન, વાનગી બનાવટ અંગેની સમજ ઉપરાંત દૈનિક જીવનમાં અવનવા ખોરાક રાંધી આપી આપણી ભૂખ સંતોષનાર માતાઓ, બહેનો, દીકરીઓ માટે પ્રશંસા અને માનની લાગણી જન્મે એવા ઉમદા હેતુસર આ કાર્યક્રમનું આયોજન કર્યું હતું. શિક્ષકોની મદદથી વિદ્યાર્થીઓએ ૧૨ ફૂડ સ્ટોલ તૈયાર કર્યા હતા, જેમાં જ્યુસ, સ્વીટકોર્ન, ભૂંગળા બટાટા, સેન્ડવીચ, ચાટ, પાણીપુરી, કચ્છી આઈટમ્સ, સલાડ, સમોસા, ચનાજોર ગરમ, બિસ્કીટ આઈટમ, ફ્રુટ ચાટ વગેરે સ્વાદિષ્ટ વાનીઓ તૈયાર રાખવામાં આવી હતી. સંસ્થાના મેનેજિંગ ડિરેક્ટર કમ પ્રિન્સિપાલ જી ટી શનિયારા અને કેમ્પસ ડિરેક્ટર કમ પ્રિન્સિપાલ જે બી વામજાએ વિદ્યાર્થીઓને સાથે રાખી રિબીન કાપી ફૂડ ફેસ્ટનું ઉદ્‌ઘાટન કર્યું હતું. ત્યારબાદ સમગ્ર સ્ટાફ અને વિદ્યાર્થીઓએ ફૂડની નિયત રકમ ચૂકવીને તમામ વાનગીઓ આરોગી હતી અને ફૂટ સ્ટોલ તૈયાર કરનારા વિદ્યાર્થીઓને યોગ્ય વળતર સાથે પ્રોત્સાહન પણ પૂરું પાડ્યું હતું.